શ્રી સ્વામિનારાયણ મંદિર-પીપલાણાનું મુખપત્ર

BLESSING EPISTLE

# આશીર્વાદપત્ર

મે-૨૦૧૦



પીપલાણામાં બિરાજતાં દેવોના પદમાં પાટોત્સવ પ્રસંગે....

નિષ્કુળાનંદસ્વામી રચિત વિશગ્રંથ અંતર્ગત

# ધીરજાખ્યાન ત્રિદિનાત્મક પારાયણ

## દિપ પ્રાગટ્ય

તા.૦૭-૦૬-૨૦૧૦, સમય : સવારે ૯:૦૦ કલાકે

માનનીયશ્રી જવાહરભાઈ ચાવડા (ધારાસભ્ય માણાવદર મતવિસ્તાર)
પૂ.મહંત મોહનપ્રસાદદાસજીસ્વામી - પીપલાણા
પૂ.સદ્. દેવપ્રસાદદાસજીસ્વામી - વંથલી ગુરુકુલ
પૂ.શાસ્ત્રી મહંત ભકિતપ્રકાશદાસજીસ્વામી - જૂનાગઢ મંદિર
શ્રી ટાંક અમૃતભાઈ - સરપંચશ્રી, પીપલાણા

## નૂતન ઘનશ્યામ ગૌશાળા ઓપનિંગ



તા.૦૯-૦૬-૨૦૧૦, સમય : બપોરે ૧૧:૪૫ કલાકે

આદિપરા કિશોરભાઈ - તાલુકા ભાજપ મહામંત્રી-ગોંડલ
માનનીયશ્રી એલ.ટી રાજાણી - સંસદીય સચીવ-ગાંધીનગર
એ.એમ.પરમાર સાહેબ - કલેકટરશ્રી, જૂનાગઢ
પૂ.મહંત મોહનપ્રસાદદાસજીસ્વામી - પીપલાણા
પૂ.શાસ્ત્રી કૃષ્ણજીવનદાસજીસ્વામી - પીપલાણા
આહિર વરજાંગભાઈ નારણભાઈ - ગૌ સેવા સમાજ, પીપલાણા

## નૂતન મંદિર વૃક્ષારોપણ

તા. ૦૯-૦૬-૨૦૧૦, સમય : બપોરે ૧૧:૩૦ કલાકે

શ્રી કાળુભાઈ - મહાસાગર ટ્રાવેર્લ્સ, જૂનાગઢ
પૂ.ગોવિંદપ્રકાશદાસજીસ્વામી - પીપલાણા
પૂ.શાસ્ત્રી નીલકંઠચરણદાસજીસ્વામી - પીપલાણા

## મહોત્સવના પાવન પ્રસંગો

### પોથી યાત્રા

તા. ૦૭-૦૬-૨૦૧૦ સોમવાર, સવારે ૮:૦૦ કલાકે
દીક્ષાસ્થાનથી કથા સ્થળે

### કથા પ્રારંભ

તા. ૦૭-૦૬-૨૦૧૦ સોમવાર,
સવારે ૯-૧૫ કલાકે , બપોરે ૪-૦૦ થી ૬-૩૦

### પ્રવચન માળા

સવારે ૧૦-૧૫ થી ૧૦-૪૫
(પૂ.પૂરાણી જ્ઞાનજીવનદાસજીસ્વામી-જૂનાગઢ ગુરુકુલ)

બપોરે ૦૬-૩૦ થી ૦૭-૦૦
(પૂ.કોઠારીશ્રી વ્રજજીવનદસાજીસ્વામી-પીપલાણા)

### જળયાત્રા

તા. ૦૮-૦૬-૨૦૧૦ મંગળવાર, બપોરે ૦૫-૩૦ થી ૦૭-૧૫

## તા. ૦૯-૦૬-૨૦૧૦ બુધવાર, વૈશાખ વદ બારસના કાર્યક્રમો

| | |
|---|---|
| મંગળા દર્શન | - સવારે ૦૫-૩૦ કલાકે. |
| પૂજન વિધિ | - સવારે ૦૫-૪૫ થી ૦૬-૩૦ |
| અભિષેક | - સવારે ૦૬-૩૦ થી ૦૭-૩૦ |
| માસિક સત્સંગ સભા (પીપલાણા) | - સવારે ૦૮-૩૦ થી ૧૧-૩૦ |
| નૂતન મંદિર વૃક્ષારોપણ | - બપોરે ૧૧-૩૫ |
| નૂતન ઘનશ્યામ ગૌશાળા ઉદ્ઘાટન | - બપોરે ૧૧-૪૫ |
| રાજભોગ આરતિ | - બપોરે ૧૨-૦૦ કલાકે |
| મહાપ્રસાદ | - બપોરે ૧૨-૧૫ કલાકે |

**કથા સ્થળ**

નૂતન સંત આશ્રમ - પીપલાણા

॥ શ્રીસ્વામિનારાયણ વિજયતેતરામ્ ॥



પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



પ.પૂ.સદ્ગુરુ શ્રી જોગીસ્વામી - પીપલાણા



પ.પૂ.સદ્ગુરુ મહંત
શ્રી મોહનપ્રસાદદાસજી સ્વામી-પીપલાણા

# ધીરજાખ્યાન ત્રિદિનાત્મક પારાયણ

જયશ્રી સ્વામિનારાયણ......

સર્વોપરિ, સર્વકારણ, સર્વનિયંતા, સર્વાત્મા, સર્વેશ્વર, સર્વાવતારી, સ્વયંભૂ પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી અને સર્વોત્તમ તીર્થધામ પીપલાણાના સંસ્થાપક પ.પૂ.પ્ર.બ્ર.સદ્. જોગીસ્વામી-ધર્મપ્રસાદદાસજીસ્વામી તેમજ ખંભાતના પ.પૂ.પ્ર.બ્ર.સદ્. માયાતીતાનંદ બ્રહ્મચારી મહારાજના રૂડા આશીર્વાદથી તથા પીપલાણા મંદિરના મહંત પ.પૂ.સદ્. શ્રી મોહનપ્રસાદદાસજી સ્વામીના આશીર્વાદાત્મક-પ્રેરણાથી

ખંભાત નિવાસી પ.ભ.શ્રી બાબુભાઈ અંબાલાલ પ્રજાપતિ, અમૃતલાલ બાબુભાઈ પ્રજાપતિ તથા ચિ. ચીરાગભાઈ અમૃતભાઈ પ્રજાપતિ તેમજ પ્રજાપતિ પરિવારે શ્રીહરિ અને સંતોની પ્રસન્નતાર્થે સંકલ્પ સિદ્ધ, શ્રીહરિના પાદાર વિંદથી પાવન થયેલ મહાન પ્રસાદી ભૂત પીપલાણા ધામમાં વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદસ્વામી રચિત વિશગ્રંથ અંતર્ગત ત્રિદિનાત્મક શ્રી ધીરજાખ્યાનની પારાયણ રાખેલ છે.

આ પારાયણના વકતા પદે પીપલાણાના પૂ.શાસ્ત્રી કૃષ્ણજીવનદાસજીસ્વામી તથા પૂ.શાસ્ત્રી નીલકંઠચરણદાસજીસ્વામી વ્યાસાસને બિરાજી પોતાની સુમધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવશે.

આ પ્રસંગે નૂતન ઘનશ્યામ ગૌશાળાનું ઉદ્‌ઘાટન, નૂતન મંદિર વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો રાખેલ છે. આ પવિત્ર પાવન પ્રસંગમાં ધામ ધામથી બ્રહ્મનિષ્ઠ, વિદ્વાન સંતો પધારી દર્શન અને અમૃત વાણીનો લાભ આપશે. આવા દિવ્ય આનંદોત્સવમાં આપ સહુ કુટુંબ પરિવાર તથા મિત્ર મંડળ સાથે પધારવા અમો ભાવભર્યું આમંત્રણ પાઠવિએ છીએ.

**લી. સત્સંગ સમાજ વતિ**
**કોઠારી વ્રજજીવનદાસજીસ્વામીના ભાવથી જયશ્રી સ્વામિનારાયણ**

## કથાના મુખ્ય યજમાનશ્રી :

પ.ભ.શ્રી બાબુભાઈ અંબાલાલ પ્રજાપતિ, અમૃતલાલ બાબુભાઈ પ્રજાપતિ તથા
ચિ. ચીરાગભાઈ અમૃતભાઈ પ્રજાપતિ તેમજ પ્રજાપતિ પરિવાર - ખંભાત



વક્તાશ્રી : પૂ.શાસ્ત્રી
કૃષ્ણજીવનદાસજી સ્વામી



વક્તાશ્રી : પૂ. શાસ્ત્રી
નીલકંઠચરણદાસજી સ્વામી

## પાટોત્સવના મુખ્ય યજમાનશ્રી :

પ.ભ.શ્રી બાબુભાઈ અંબાલાલ પ્રજાપતિ, અમૃતલાલ બાબુભાઈ પ્રજાપતિ તથા
ચિ. ચીરાગભાઈ અમૃતભાઈ પ્રજાપતિ તેમજ પ્રજાપતિ પરિવાર - ખંભાત

## પાટોત્સવના સહ યજમાનશ્રી :

નાદપરા માધવજીભાઈ વશરામભાઈ, હઃ સંજયભાઈ, હરસુખભાઈ-રાજકોટ

## પૂજનીય બ્રહ્મનિષ્ઠ સંતો

| | |
|---|---|
| પ.પૂ.સદ્. દેવપ્રસાદદાસજીસ્વામી | - વંથલી ગુરુકુળ |
| પ.પૂ.સદ્. જ્ઞાનજીવનદાસજીસ્વામી | - વડોદરા-કારેલીબાગ |
| પ.પૂ.સદ્. શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજીસ્વામી | - કંડારી ( ચેરમેનશ્રી વડતાલટેમ્પલ બોર્ડ) |
| પ.પૂ.સદ્. શાસ્ત્રી નૌત્તમપ્રકાશદાસજીસ્વામી | - વડતાલ (દક્ષિણ વિભાગ સંત સમાજના પ્રમુખ) |
| પ.પૂ.સદ્. શાસ્ત્રી નારાયણચરણદાસજીસ્વામી | - આણંદ (ચેરમેન શ્રીરાધારમણદેવ - જૂનાગઢ) |
| પ.પૂ. શાસ્ત્રી ભક્તિપ્રકાશદાસજીસ્વામી | - (મહંત રાધારમણદેવ - જૂનાગઢ ) |
| પ.પૂ.સદ્. શાસ્ત્રી ગોવિંદપ્રકાશદાસજીસ્વામી | - વડતાલ |
| પ.પૂ.સદ્. શાસ્ત્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીસ્વામી | - વડતાલ |
| પ.પૂ.સદ્. પુરાણી મોહનપ્રસાદદાસજીસ્વામી | - ધોરાજી |
| પ.પૂ.સદ્. શાસ્ત્રી જ્ઞાનજીવનદાસજીસ્વામી | - જૂનાગઢ ગુરુકુલ |
| પ.પૂ.સદ્. શાસ્ત્રી ભગવત્ચરણદાસજીસ્વામી | - જામજોધપુર |
| પ.પૂ.સદ્. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીસ્વામી | - ખીરસરા ગુરુકુલ |

તેમજ અનેક ધામ ધામથી વિદ્વાન સંતો પધારી દર્શન તેમજ અમૃતવાણીરૂપ આશીર્વાદનો લાભ આપશે.



# પીપલાણા દેવોના પ્રતિષ્ઠા મહોત્સવનો ઈતિહાસ



॥ ધન્ય ધન્ય આ ભૂમિના ભાગ્ય, કૃપા નિધાને કરુણા કરી ॥

સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણારવિંદથી ધામ સ્વરૂપ બનેલ પીપલાણની ધન્ય ધરા. પીપલાણા એટલે ઉદ્ધવાવતારી જગતગુરુ રામાનંદસ્વામી અને સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનની પ્રથમ મિલન ભૂમિ, ગુરુભક્તિ ભૂમિ, ઉત્સવ ભૂમિ, મંત્ર ભૂમિ, દીક્ષા ભૂમિ, ભગવાન અને ગુરુને ભેટવાની ભૂમિ, પધરામણિ પ્રથા ભૂમિ, સમાધિ ભૂમિ, યજ્ઞ ભૂમિ, ઉદ્ધારક ભૂમિ, સદાવ્ર ભૂમિ, આવા અનેક ઉત્સવો, આશીર્વાદની અમિ વર્ષાથી ભીંજાયેલ આ પીપલાણાની ભૂમિ છે.

આ પીપલાણા ધામની ભૂમિ ઉપર શ્રીજી મહારાજથી લઈને આજ પર્યંતના આચાર્યોશ્રી તથા સમર્થ સદ્‌ગુરુઓની દ્રષ્ટિમાં હૃદય સમાન છે.શ્રીજી મહારાજ જયારે જયારે સોરઠમાં વિચરણ કરતાં કે ઉત્સવ સમૈયા પ્રસંગે જતાં હોય ત્યારે પીપલાણા અવશ્ય પધારતાં.

આ પીપલાણાની ધરતી ઉપર શ્રીજી મહારાજ પછી શ્રીહરિ સ્વરૂપ આચાર્યશ્રી રઘુવિરજી મહારાજ, આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ, આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ,આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ, આચાર્યશ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ, આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજ, આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદ જીમહારાજ, આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજીમહારાજ અને વિદ્યમાન આચાર્ય સત્સંગ ભૂષણ ચુડામણિ ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજની તો અખંડ અમીદ્રષ્ટિ આ પીપલાણા ધામ ઉપર વહેતી રહે છે. આવિ રીતે શ્રીજી મહારાજના સ્વરૂપ સમાન આચાર્યશ્રીઓની નજર હંમેશા દીક્ષા ધામ પીપલાણા પર રહી છે.

જેમ આચાર્યશ્રીઓની દ્રષ્ટિ આ પીપલાણા ધામ ઉપર હતી તેમજ શ્રીહરિ સ્વરૂપ સમાન ને સત્સંગની મા સમાન આભને ટેકો આપે એવા સમર્થ સમર્થ સદ્‌ગુરુઓની દ્રષ્ટિ પણ આ ધરા ઉપર હતી. શ્રીજી મહારાજના અખંડ ધારક, એકસ્વરૂપે સદા સેવામાં રહ્યાં છે. બીજા સ્વરૂપે ધામ રૂપે રહ્યાં છે. એવા અ.મૂ.સદ્.ગુણાતીતાનંદસ્વામી, યોગીવર્ય ગોપાળાનંદસ્વામી, પંડીવર્ય નિત્યાનંદસ્વામી,અક્ષર સ્વરૂપ સદ્.અક્ષરસ્વરૂપદાસજીસ્વામી, સદ્.બાલમુકુંદદાસજીસ્વામી, સદ્.કૃષ્ણચરણદાસજીસ્વામી, સદ્.નારાયણદાસજીસ્વામી, સદ્.ઋષિ સ્વામી-કૃષ્ણસેવાદાસજીસ્વામી, સદ્.ત્યાગવલ્લભદાસજીસ્વામી, સદ્.ધર્મકેશવદાસજીસ્વામી, સદ્.શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામી, સદ્.શાસ્ત્રી ધર્મજીવનદસાજીસ્વામી, સદ્. કોઠારી હરિકૃષ્ણદસાજીસ્વામી આદિક શ્રીજી મહારાજના સ્વરૂપ સમાન સમર્થ સદ્‌ગુરુઓની નજર હંમેશા દીક્ષા ધામ પીપલાણા પર રહી છે.

આ શ્રીહરિ સ્વરૂપ આચાર્યશ્રીઓ તથા સમર્થ સદ્‌ગુરુઓનો સંકલ્પ હતો કે શ્રીજી મહારાજે જયાં દીક્ષા લીધી છે, અનેક લીલાઓ કરી છે. તે પ્રસાદીના સ્થાનોનો જીર્ણોદ્ધાર કરવો. આ સંકલ્પને સાકાર કરવા અમારા ગુરુવર્ય જોગીસ્વામી(ધર્મપ્રસાદદાસજીસ્વામી)ને વિદ્યમાન સદ્‌ગુરુઓએ પીપલાણા જીર્ણોદ્ધાર કરવાની અનુમતિ આપી. સદ્‌ગુરુઓની આજ્ઞા ને આશીર્વાદ મળતાં પૂ.જોગી સ્વામીએ તન-મનથી શ્રીજી પ્રસાદીભૂત સ્થાનનો જીર્ણોદ્ધાર કરવા લાંગ્યાં. આ જીર્ણોદ્ધારમાં પીપલાણા,બોડકા,વંથલી તેમજ આજુ બાજુના ગામોના ભક્તોની સેવા અજોડ હતી.

ગુરુ જોગીસ્વામીએ સર્વ પ્રથમ ઓઝત નદી ઉપર ઘાટ બંધાવ્યો. પછી સંવત્ ૨૦૦૫ના વૈશાખ માસમાં બંગલા ઘાટનું શિખરબદ્ધ મંદિરના પાયા નાખ્યાં. આ તમામ સેવા કાર્યમાં શ્રીજી મહારાજ સાથે રહી પળે પળે પરચા આપતાં હતાં. સંવત્ ૨૦૦૬ની સાલમાં પથ્થરોનું બાંધકામ પૂર્ણ થયું. ને ઘુંમટના મુખ્ય દ્વારના બારસાખનું મુહૂર્ત કર્યું. તેમજ મંદિરમાં કઈ કઈ મૂર્તિ પધરાવી તેની ચર્ચાવિચારણા કરી નક્કી થયું કે, મધ્ય ખંડમાં સહજાનંદસ્વામી-ધર્મદેવ-ભક્તિમાતાની પંચધાતુની મૂર્તિ, દક્ષિણ ખંડમાં આરસની બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ, ઉત્તર ખંડમાં સુખ-શય્યામાં ચિત્ર પ્રતિમાં પધરાવવી.

મૂર્તિ બનાવવા માટે સહજાનંદસ્વામી, ધર્મદેવ-ભક્તિ માતાની પંચધાતુની મૂર્તિ શ્રીજી મહારાજના પ્રસાદીના વાસણો આપી વડોદરા બનાવવા માટે આપી. સમર્થ સદ્. કોઠારી હરિકૃષ્ણદાસજીસ્વામી અને સદ્.જોગીસ્વામી જેવા સમર્થ સંતોના પ્રતાપથી ઘનશ્યામ મહારાજની આરસની મૂર્તિ જામનગર બનાવવા માટે આપી.

સંવત્ ૨૦૧૦ના ફાગણ માસમાં મંદિરનું સંપૂર્ણ કામ પૂર્ણ થયું. મંદિરનું કામ પૂર્ણ થતાં પૂ.જોગીસ્વામીએ સંતો, ભક્તોએ સાથે મળી મૂર્તિ પ્રતિષ્ઠા માટે આચાર્ય મહારાજશ્રીની અનુમતિ તેમજ કયા અવસરે (સમયે) પ્રતિષ્ઠા કરવી તે નક્કી કરવા વરતાલ મહારાજશ્રી પાસે આવ્યાં.

સમય અનુકુળ ન આવતાં મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત મહારાજશ્રીએ આપ્યું નહીં. સમય વ્યતીત થતો ગયો આ બાજુ મંદિરનું કામ પૂર્ણ થયું હતું તેથી સંતો-ભક્તો મૂર્તિ પ્રતિષ્ઠાનાં મુહૂર્તની બપૈયો જેમ સ્વાતી નક્ષત્રના બિંદુની રાહ જોવે તેમ રાહ જોતા હતાં. સમય જતાં શ્રીહરિએ ગાદીવાળાને દર્શન આપ્યાં ને કર્યું કે, આનંદપ્રસાદજી મહારાજને કહો કે, પીપલાણામાં અમારા સ્વરૂપોની પ્રતિષ્ઠા કરવાનું મુહૂર્ત આપે. આવું સ્વપન આવતાં સવારના પરોઢીએ ગાદીવાળાએ મહારાજશ્રીને વાત કરી કે, આજે શ્રીજી મહારાજે દર્શન દઈ પીપલાણા પ્રતિષ્ઠાનું મુહૂર્ત આપવાનું કહ્યું છે. આ વાત સાંભળતા જ મહારાજશ્રી એ જુનાગઢ તાર કર્યો ત્યાંથી પીપલાણા સમાચાર આવ્યાં કે મહારાજશ્રી મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત માટે વરતાલ બોલાવે છે.

આ સમાચાર મળતાં દરેક સંતો-ભક્તોના હૃદયમાં આનંદ છવાઈ ગયો. પૂ.જોગીસ્વામી આગેવાન હરિભક્તોને લય વરતાલ ગયાં. ત્યાં આનંદપ્રસાદજી મહારાજને મળ્યાં ને મૂર્તિ પ્રતિષ્ઠાના મુહૂર્ત માટે બ્રાહ્મણને બોલાવી મુહૂર્ત કઢાવ્યું. જયોતિષીએ જોષ, તિથિ, નક્ષત્ર, ગ્રહો જોયા તો વૈશાખવદ બારસનું મુહૂર્ત આવ્યું. મહારાજશ્રી કહે આ અરસામાં તો વર્ષાદનો યોગ હોય છે. આ સાંભળી પૂ.જોગીસ્વામીએ કહ્યું કે વર્ષાદ તો આપણો પ્રતિષ્ઠા મહોત્સવ પુરો થયાં પછી આવશે. આમ વાત ચિત થતાં વૈશાખવદ બારસનું મુહૂર્ત નક્કી થયું. અને આ ઉત્સવ ત્રણ દિવસનો ઉજવવાનું પણ નક્કી થયું.

પ્રતિષ્ઠા નક્કી થતાં પૂ.જોગીસ્વામીની આજ્ઞા પ્રમાણે સંતો-હરિભક્તોએ ઉત્સવની તૈયારી સરૂ કરી દીધી. ''ત્રિદિનાત્મક મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ''માં. ''ત્રિદિનાત્મક સત્સંગિજીવનની પરાયણ'' કરવામાં આવી હતી. જેના વકતા તરીકે પૂ.શાસ્ત્રી ધર્મજીવનદાસજી સ્વામી અને પૂ.પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી હતાં. યજ્ઞશાળાની સંપૂર્ણ જવાબદારી બ્રહ્મચારી મહારાજ શ્રી માયાતીતાનંદસ્વામીએ સંભાળી હતી, ભંડારી તરીકે પૂ. કોઠારી હરિકૃષ્ણદાસજીસ્વામી હતાં. આ ઉત્સવમાં સોરઠ, કાઠીયાવાડ, હાલાર, ગુજરાત, ઝાલાવાડ, ગોહીલવાડ તેમજ દેશ દેશથી ભક્તો આ મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવમાં પધાર્યાં હતાં.

વૈશાખ વદ દશમનો સૂર્યોદય થતાં. પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજ કુટુંબ સહીત પીપલાણા પધાર્યાં હતાં. પીપલાણા, બોડકાની કીર્તન મંડળીઓ તેમજ રાસ મંડળીઓએ વાજતે ગાજતે સ્વાગત કર્યું, તો કોઈકે પીરામીડ, રાસ, થાળી, પટ્ટાબાજી, તલવારબાજી, લેજીયમ, દ્વારા સ્વાગત કયુ. એકાવન જોડી બળદ ગાડા સણગારી ભાવીક ભક્તોએ મહારાજશ્રીનું દબદબા ભર્યું સ્વાગત કર્યું. આવી રીતે આ દિવ્યા આનંદમાં વધારો કરવા આનંદપ્રસાદજી મહારાજ પધાર્યાં.

સંવત્ ૨૦૧૦ વૈશાખ વદ બારસના મધ્ય ખંડમાં સહજાનંદસ્વામી, ધર્મદેવ-ભક્તિમાતાને પધરાવવામાં આવ્યાં. દક્ષિણ દેરામાં બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજને પધરાવવામાં આવ્યાં. વેદ વિપ્રોએ વેદના મંત્રો દ્વારા મૂર્તિઓનો અંગન્યાસ, પ્રાણપ્રતિષ્ઠા, આહ્‌વાન વગેરે વિધિ કરાવ્યો. મહારાજશ્રીએ આરતી ઉતારી. હજારો ભક્તોએ સહજાનંદસ્વામી, ધર્મદેવ-ભક્તિમાતા, બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના જયનાદો બોલાવ્યાં. મહારાજશ્રીએ પ્રતિમા આગળ દંડવત્ પ્રણામ કરી સ્તુતિ પ્રાર્થના કરી, સૌનું કલ્યાણ કરજો, સૌનું રક્ષણ કરજો. વગેરે પ્રાર્થના કરી. આરીતે આ પીપલાણા ધામમાં દેવો બિરાજયાં.

પૂ.જોગીસ્વામી-ધર્મપ્રસાદદાસજીસ્વામીના નિયમ,ધર્મ,વર્તમાન,ભક્તિ,ઉપાસના જોઈ મહારાજશ્રી સ્વામી ઉપર ખૂબ પ્રસન્ન થયાં અને રાજીપારૂપે જોગીસ્વામી-ધર્મપ્રસાદદાસજીને સદ્‌ગુરુની પદવીથી આરૂઢ કર્યા. આમ આનંદ ઉલ્હાસમાં ત્રિદિનાત્મક મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ પુરો થયો.

પીપલાણાનો આ જે ઈતિહાસ લખ્યો છે તે સંક્ષિપ્તમાં લખ્યો છે. વિશેષ પીપલાણાના મહિમા તેમજ ઈતિહાસ જાણવા ઈચ્છતા ભક્તોએ પીપલાણા માહાત્મ્ય નામની બૂકનો અવશ્ય પાઠ કે અભ્યાસ કરવો.

આજે આ પીપલાણાના મહીમાને દેશો દેશમાં ગૂંજતો કરવો, તેમજ નૂતન મંદિરનું બાંધકામ . પ.પૂ.સદ્. મહંત મોહનપ્રસાદદાસજીસ્વામીની નિશ્રામાં ચાલી રહ્યું છે.

**લી. તંત્રી**



## શ્રાવણ માસમાં વિશેષ મહાપૂજા

**સંવત્ ૨૦૬૬ દરવર્ષની જેમ આ વર્ષે પણ સંકલ્પ સિદ્ધ દીક્ષાધામ-પીપલાણામાં આખો શ્રાવણમાસ વિશેષ મંગલ મહાપૂજાનું આયોજન રાખેલ છે. આ મહાપૂજાનો પ્રારંભ તારીખ : ૧૧/૦૮/૨૦૧૦ બુધવાર, શ્રાવણસુદ બીજના રોજ થશે. મહાપૂજાની પૂર્ણાહુતિ તારીખ : ૦૮/૦૯/૨૦૧૦ બુધવાર, શ્રાવણવદ અમાસના રોજ થશે. શ્રાવણમાસના અંતિમ દિવસે હોમાત્મક મહાપૂજા યજ્ઞ તારીખ : ૦૮/૦૯/૨૦૧૦ બુધવારના રોજ કરવામાં આવશે.**

**ભગવાનના ભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે, યોગીવર્ય ગોપાળાનંદસ્વામી એ આ મહાપૂજાની પ્રણાલિકા કરેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે સંકલ્પ સિદ્ધ, દિવ્ય, દીક્ષાધામમાં મહાપૂજા થશે, તો દરેક ભક્તો આ મહાપૂજાનો અલભ્ય લાભ લેવાનું ભૂલતાં નહીં.**

**મહાપૂજાના એક દિવસના મુખ્ય યજમાનના : રૂ.૨૫૧, બસ્સો એકાવન**

**મહાપુજાના એક દિવસના સામાન્ય યજમાનના : રૂ. ૫૧, એકાવન**

**હોમાત્મક મહાપૂજા યજ્ઞના મુખ્ય યજમાનના**
**રૂ. ૧૧,૧૧૧, અગીયાર હજાર એકસો અગીયાર**

**હોમાત્મક મહાપૂજા યજ્ઞના સહ યજમાનના**
**રૂ. ૫,૫૫૫, પાંચ હજાર પાંચો પંચાવન**

**મહાપૂજાની વિશેષ માહિતી માટે નિચેના નંબર પર સંપર્ક કરવો.**
**ફોન : (૦૨૮૭૪) ૨૪૮૪૨૧,૨૨**

**પ્રારંભ**
**તા. ૦૭/૦૬/૨૦૧૦, સોમવાર**
**દ્વિતીય વૈશાખ વદ - દશમ**

**॥ ધન્ય ધન્ય આ ભૂમિના ભાગ્ય, કૃપા નિધાને કરુણા કરી ॥**

**પૂર્ણાહુતિ**
**તા. ૦૯/૦૬/૨૦૧૦, બુધવાર**
**દ્વિતીય વૈશાખ વદ - બારસ**